ફરિયાદ દાખલ તારીખ :૦૨/૦૧/૨૪
રજીસ્ટર કર્યા તારીખ :૦૨/૦૧/૨૪
નિકાલ કર્યા તારીખ : ૨૯/૦૪/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

---

**મહેરબાન ગઢડાના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)**

---

ફોજદારી કેસ નં.૩૬/૨૦૨૪
આંક :–૩૮

**ફરિયાદી:–** સરકારશ્રી

**–: વિરૂધ્ધ :–**

**આરોપી:–** (૧) કલ્યાણભાઈ તળશીભાઈ અવૈયા
ઉ.વ. ૫૪, ધંધો: ખેતી,

(૨) મંજુલાબેન કલ્યાણભાઈ અવૈયા
ઉ.વ.૫૦, ધંધો:ખેતી,

(૩) દેવરાજભાઈ વિઠૃલભાઈ અવૈયા
ઉ.વ. ૫૫, ધંધો: ખેતી
તમામ રહે. અડતાળા ગામ,
તા.ગઢડા, જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
સરકારશ્રી તરફે :–વિ.એપીપીશ્રી.એસ.આર.પટેલ.
આરોપી તરફે :–વિ.વકિલશ્રી ડી.એ.માલવણીયા

---

**ગુનો :–ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો...**

---

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી તથા આરોપી નં. ૧ નાઓને છ એક મહીના પહેલા બોલાચાલી થયેલ હોય જેની દાઝ રાખી તા. ૨૬/૦૨/૨૦૨૧ના

રોજ આ કામના આરોપીઓએ એક સંપ કરી ફરીયાદીને હોકી તથા લોખંડના પાઈપ તથા ઢીકાપાટુનો માર મારી શરીરે મુઢ ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી મહે. ડી.એમ.સાહેબ શ્રી બોટાદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ હોવાનો આરોપ છે અને સદર ગુન્હા સબબ આ અદાલતમાં આરોપી ઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થતાં સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક–૦૩ થી આરોપી વિરૂધ્ધ શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવી વાચી સમજાવી આંક–૦૪ થી આંક–૦૬ સુધી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે, આથી બાકીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદી વિપુલભાઈ કરમશીભાઈ સોલંકીની જુબાની. | ૧૨ |
| (૨) | સાહેદ વિજયભાઈ પરબતભાઈ સોલંકીની જુબાની. | ૧૫ |
| (૩) | સાહેદ મહેશભાઈ કરમશીભાઈ સોલંકીની જુબાની. | ૧૬ |
| (૪) | પંચ સાહેદ ચંદુભાઈ રામજીભાઈ ભડીયાદરાની જુબાની. | ૧૮ |
| (૫) | પંચ સાહેદ ભગવાનભાઈ લખમણ ભાઈ કાનાણીની જુબાની. | ૨૦ |
| (૬) | પંચ સાહેદ દિનેશભાઈ શીવાભાઈ ડાભીની જુબાની. | ૨૩ |
| (૭) | સાહેદ મિતેશભાઈ ડાહ્યાભાઈ રાઠોડની જુબાની. | ૨૪ |
| (૮) | સાહેદ ડો. મયુર છગનભાઈ વળીયાની જુબાની. | ૨૯ |
| (૯) | ત.ક.અ. રાજદિપસિંહ કિરીટસિંહ ગોહીલની જુબાની. | ૩૬ |

| **અનું.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ફરીયાદ. | ૧૩ |
| (૨) | બનાવવાળી જગ્યાનું પંચનામું. | ૧૯ |
| (૩) | અટક પંચનામું. | ૨૧ |
| (૪) | હથીયારબંધીનું જાહેરનામું. | ૨૫ |

(૫) ઈજાનું પ્રમાણપત્ર. ૩૦

(૪) આમ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા સી.આર.પી.સી કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓ દવારા જણાવેલ છે કે, અમો તહોમતદાર સાવ નિર્દોષ છીએ.અમોને સદરહુ ગુન્હામાં ખોટી રીતે અદાવત રાખી ગુન્હામાં સંડોવી દીધેલ છે.અમોએ કહેવાતો ગુન્હો કરેલ નથી અમો ખેડુ માણસ છીએ તેમજ સ્ત્રી માણસ હોઈ અમો મોટી ઉમરના હોઈ,અમો ઉપર કુટુંબની ભરણ પોષણની જવાબદારી હોઈ, અમો ઉપર દયાભાવ રાહ રહેમ રાખી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) આ કામે છેલ્લે એપીપીશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે તેઓએ જણાવેલ છે કે,આ કામના આરોપીઓ દવારા આ કામના ફરીયાદીને લોખંડના પાઈપ તથા હોકી વડે માર મારેલ છે જે બાબતે ફરીયાદ આપેલ છે તેમજ તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ આ હકીકતો નો સમર્થનકારી પુરાવો આપેલ છે જેમાં આરોપીનં.૧ દવારા હોકીથી અને આરોપીનં.ર દવારા પાઈપથી માર મારેલાનો પુરાવો આપેલ છે તેમજ આ કામે સારવાર કરનાર ડોકટર દવારા પણ ફરીયાદીની ઈજા બાબતે સમર્થનકારી પુરાવો આપેલ છે તેમજ ફરીયાદીને ખોટી ફરીયાદ આપવાનું કોઈ કારણ જણાતુ નથી તેમજ આરોપી તરફે કોઈ એવી વિરોધાભાસી હકકીતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેના આધારે ફરીયાદી તથા સાહેદોની જુબાની શંકાસ્પદ માની શકાય તેમજ ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં બનાવના સમય,સ્થળ,આરોપીઓની હાજરી,હથીયારો,ઈજા અંગે સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય જેથી આ તમામ કારણોસર ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરી શકેલ હોય આરોપીઓને મહતમ સજા કરવા અરજ કરેલ છે અને તેઓની દલીલના સમર્થનમાં (1)SEEMAN VS. STATE 2005(11)SSC.142 (2) STATE OF GUJARAT VS.BHARWAD JAKSHIBHAI NAGRIBHAI AND.(GUJ.) 1989(2)GLR.263 (3)DALWADI GOVINDBHAI AMARSHIBHAI VS. STATE OF GUJARAT 2004(2)GLR.1285 ના ચુકાદાઓ ઉપર આધારે રાખેલ છે.

આ કામના આરોપીઓના વિ.વકીલશ્રી ની મૌખીક દલીલ સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,આ કામના ફીરીયાદી દવારા ખોટી ફરીયાદ આપેલ છે,આ કામે ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં જણાવેલ હકીકતો કરતા અલગ પુરાવો આપેલ છે,જેમાં સમય,બનાવની જગ્યા તથા ઈજા કોણે કયા મારેલ તે બાબતે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે,આ કામે ફરીયાદી સીવાય બીજા કોઈ બનાવના નજરે જોનાર સાહેદ નથી,આ કામે તપાસેઈ બીજા સાહેદો બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તેઓનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી,આ કામના ફરીયાદી દવારા

ડોકટર પાસે સારવારમાં ગયેલા તેનો સમય પણ શંકાસ્પદ જણાય છે ડોકટરને આરોપીના નામો તેમજ માર મારેલાની વિગત તથા કયા હથીયારથી મારેલ તે જણાવેલ નથી,ડોકટરને ચાર આરોપીઓ હોવાનું જણાવેલ છે જયારે આ કામે ત્રણ આરોપી સામે ચાર્જશીટ થયેલ છે,બનાવ વખતે બીજા માણસો ભેગા થઈ ગયેલ હતા તેમ છતા ત.ક.અમલદાર દવારા તેઓને સાહેદ તરીકે નિવેદન લીધેલ નથી જેથી માત્ર ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બને છે,આ કામના ત.ક.અમલદાર દવારા ફરીયાદી એ આરોપીઓને ઓળખતા ના હોવાની હકીકત ફરીયાદમાં જણાવેલ હોવા છતા આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ થયેલ ના હોય ખરી હકીકતે ફરીયાદી રોડ ઉપર પડી જતા ઈજા થયેલ હોવા છતા આરોપીઓ સામે હાલની ખોટી ફરીયાદ કરેલ હોય અને ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૬/૦૨/૨૦૨૧ના રોજ આ કામના આરોપીઓએ એક સંપ કરી ફરીયાદીને હોકી તથા લોખંડના પાઈપ તથા ઢીકાપાટુનો માર મારી શરીરે મુઢ ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી મહે. ડી.એમ.સાહેબ શ્રી બોટાદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) અંશત:હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો:**

(૯) મુદ્દા નંબર ૧ ::–

આ કામે ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા આ કામના મહત્વના સાહેદ એવા ફરીયાદી વિપુલભાઈ કરમશીભાઈ સોલંકીને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા.૨૬/૨/૨૧ના રોજ સાંજના પાંચેક વાગ્યે બનેલો. બનાવના દિવસે હું મારું મો.સા.લઈને ઉગામેડી ગામે મારા કારખાનાના કામના પૈસા લેવા જતો હતો ત્યારે અડતાળા ગામે મને આરોપી નં. ૧નાએ તેમના ઘર પાસે ઉભો રાખેલ અને હોકીનો ઘા ડાબા પગે મારેલો અને આરોપીનં.ર નાએલોખંડની પાઈપના બે ઘા મને પીઠ પાછળ મારેલા અને પાછળથી ગરદન પકડી દીધેલી અને મારું ટીશર્ટ ફાટી ગયેલુ.આરોપી નં.૧ એ મને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ગાળો બોલતા હતા અને મને બાઈક ઉપરથી પાડતા મારા મોઢાના આગળ ના દાંત હોઠ ઉપર અથડાતા લોહી નીકળેલ.આ બનાવ વખતે એક અજાણી વ્યકિત હતી જેને હું ઓળખતો નથી તેણે મને ઢીકાપાટુનો માર મારેલો અને તે વખતે ત્યાં ટોળું થઈ જતા હું ત્યાંથી ગઢડા તરફ આવી ગયેલા અને ગઢડા સરકારી દવાખાને સારવાર માટે ગયેલ. બનાવ બાબતે મે મારા ભાઈ મહેશભાઈને જાણ કરેલી અને બનાવ બાબતે ગઢડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી.

આ કામના ફરીયાદીની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે,વનાળીથી ઉગામેડી જવા માટે સાંજે ૫ વાગ્યે નીકળેલ અને અડતાળા સાંજે ૫:૧૫ વાગ્યાની આસપાસ પહોંચેલ.વનાળીથી અડતાળા જવા માટે શોર્ટકટ જવા માટે વાડી રસ્તો છે તે રસ્તે ગયેલ. તે રસ્તો લાખણકા અને ગઢડાવાળા રસ્તાની વચ્ચે નીકળે છે. બનાવવાળી જગ્યાની આજુબાજુ મકાનો તથા દુકાનો આવેલી છે. બનાવવાળી જગ્યાના રસ્તા ઉપર માણસોની અવર જવર રહે છે. બનાવ બાદ સાંજે ૬ થી ૬:૩૦ ની વચ્ચે દવાખાને ગયેલ.બનાવ બાબતે ડોકટરને હકીકત જણાવેલી.ડોકટરને બનાવનો સમય સાંજના ૬ જણાવેલો.પોલીસે અજાણી વ્યકિત ને પકડેલ અને ઓળખ પરેડ કરાવેલ તેવુ બનેલ નથી.ફરીયાદમાં કલ્યાણભાઈના પત્ની એ પાછળથી ગરદન પકડી દીધેલી એવી હકીકત લખાવેલી નહી.બનાવ સ્થળે આઠ થી દસ માણસો ભેગા થઈ ગયેલા.બનાવ સમયે જે લોકો ભેગા થઈ ગયેલા તેના નામ ફરીયાદમાં લખાવેલ નથી. સારવાર લીધા બાદ પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા ગયેલ.બનાવ અંગેની માહીતી મે લખાવેલી.

(૧૦)વધુમાં આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ વિજયભાઈ પરબતભાઈ સોલંકીને આંક–૧૫ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા.૨૬/૦૨/૨૧ ના રોજ સાંજ ના પાંચ વાગ્યે બનેલો.બનાવના દિવસે મને ફરીયાદીનો ફોન આવેલો અને જણાવેલ કે,

મને કલ્યાણભાઈ, તેમના પત્ની તથા બીજા બે વ્યકિતએ માર મારેલ છેજેમાં કલ્યાણભાઈએ ડાબા પગે હોકી મારેલી તથા કલ્યાણભાઈના પત્નીએ લોખંડની પાઈપ વાહાના ભાગે મારેલી તથા અજાણ્યા વ્યકિતએ ઢીકા પાટુનો માર મારેલ છે તેવી હકીકત જણાવેલી અને આરોપીઓ ફરીયાદીને તને હજુ પણ મારવાનો છે તેમ કહી ગાળો બોલતા હતા અને ફરીયાદી ત્યાંથી ભાગીને આવતા રહેલા. ફરીયાદીને ગઢડા સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હોય તેની ખબર કાઢવા ગયેલ અને ફરીયાદીની સાથે ગઢડા પો.સ્ટે.ફરીયાદ કરવા ગયેલ અને ત્યાં ફરીયાદી એ બનાવની ફરીયાદ આપેલી.

સદરહું સાહેદની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી, બનાવ સ્થળે હાજર ન હતા. બનાવ અંગેની માહીતી ફરીયાદી ધ્વારા થયેલી.

(૧૧)વધુમાં આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ મહેશભાઈ કરમશીભાઈ સોલંકીને આંક-૧૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,બનાવ તા. ૨૬/૨/૨૧ના રોજ સાંજ ના પાંચ વાગ્યે બનેલો. બનાવના દિવસે તેમને ફરીયાદીનો ફોન આવેલો અને જણાવેલ કે, મને કલ્યાણભાઈ તથા તેમના પત્ની તથા બીજા બે વ્યકિતએ માર મારેલ છે. જેમાં કલ્યાણભાઈ એ ડાબા પગે હોકી મારેલી તથા કલ્યાણભાઈના પત્નીએ લોખંડની પાઈપ વાહાના ભાગે મારેલી તથા અજાણ્યા વ્યકિતએ ઢીકા પાટુનો માર મારેલ છે તેવી હકીકત જણાવેલી અને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ગાળો આપેલી અને ફરીયાદી ત્યાંથી ભાગીને આવતા રહેલા. ફરીયાદીને ગઢડા સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હોય તેની ખબર કાઢવા ગયેલા અને ત્યાં જોયેલ તો ફરીયાદીને વાહાના ભાગે તથા પગના ભાગે મારેલુ હતુ.

સદરહું સાહેદની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે,બનાવ નજરે જોયેલ નથી,બનાવ સ્થળે હાજર ન હતા.બનાવ અંગેની માહીતી ફરીયાદી ધ્વારા થયેલી.

(૧૨)વધુમાં ફરીયાદપક્ષ તરફે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ ચંદુભાઈ રામજીભાઈ ભડીયાદરાને આંક-૧૮ થી તથા પંચ સાહેદ દિનેશભાઈ શીવાભાઈ ડાભીને આંક-૨૩થી તપાસવામાં આવેલ છે તેમજ અટક પંચનામાના પંચ સાહેદ ભગવાનભાઈ લખમણભાઈ કાનાણી ને આંક-૨૦ થી તથા પંચ સાહેદ દિનેશભાઈ શીવાભાઈ ડાભીને આંક-૨૩થી તપાસવામાં આવેલ છે તેઓ દવારા માત્ર પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે તેઓ દવારા તેઓની હાજરીમાં બનાવાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવાનો

કે આરોપીઓને તેઓની હાજરીમાં અટક કરવામાં આવેલ હોવાનો કે તેઓની પાસેથી કોઈ મુદામાલ હથીયાર કબજે કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો આપેલ નથી આમ આ પંચસાહેદો દવારા પંચ નામાની વિગતોને સમર્થનકારી એવો કોઈ પુરાવો આપેલ નથી

(૧૩)વધુમાં ફરિયાદપક્ષ તરફે હથીયારબંધીનું જાહેરનામું પુરવાર કરવા માટે સાહેદ મિતેશકુમાર ડાહ્યાભાઈ રાઠોડને આંક-૨૪ થી તપાસેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે,હું હાલ મામલતદાર કચેરી ગઢડા ખાતે કલાર્ક સર્વિસ કરું છું. જીલ્લા મેજી.કચેરી, બોટાદના પત્ર નંબર ડીએમ/વશી/૧ ૨૭૬/૨૧, તા. ૫/૨/૨૦૨૧ ના રોજ ના રોજ હથીયાર બંધીનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલુ તેમા અધિક જી.મેજી.સાહેબ મુકેશ પરમાર બોટાદનાએ બહાર પાડેલુ છે તેમા તેમની સહી છે. આજરોજ હુ બોટાદ,જી.મેજી.કચેરી તરફથી જી.મેજી.કચેરીના પત્રની આજ્ઞા મુજબ જુબાની દેવા આવેલ છું. હું મારી સાથે જાહેરનામાની ખરી નકલ સાથે લાવેલ છુ. જે જાહેરનામુ તા. ૯/૨/૨૦૨૧ થી તા.૮/૩/૨૦૨૧ સુધી અસ્તિત્વમાં હતુ જેની પ્રસિધ્ધિ માટે તમામ સંબંધિત કચેરી તરફ મોકલાવતા ગઢડા મામલતદાર કચેરીમાં પણ આવેલ આ જાહેરનામું હથીયારબંધી અંગેનું હતું.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, જાહેરનામાની પ્રસિધ્ધી અંગે મને કોઈ અંગત માહીતી નથી.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષ તરફે આ કામના ઈજા પામનારની સારવાર કરનાર ડો.મયુર છગનભાઈ વળીયાને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે જેઓએ પુરાવો આપેલ છે કે, હું તા. ૨૬/૦૨/૨૦૨૧ ના રોજ સામુહીક આરોગ્ય કેન્દ્ર ગઢડા ખાતે મેડીકલ ઓફિસર તરફે ફરજ પર રાત્રિના ૮ થી સવારના ૮ સુધી હતો તે દરમીયાન દર્દી નામે વિપુલભાઈ કરમશીભાઈ સોલંકીનાઓ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા અને દર્દીને હીસ્ટ્રી વિશે પુછતાં તેઓએ જણાવેલ કે,સાંજે ૪ વાગે તેમને કલ્યાણભાઈ અવૈયા તથા તેમના પત્ની અને બે પડોશીઓએ લોખંડની પાઈપ અને લાકડાની હોકીથી ઈજા પહોંચાડેલી. દર્દીને તપાસતાં નીચે મુજબ ઈજાઓ જણાવેલી.ઈજા નં. ૧ દર્દીને બન્ને ખભા ઉપર કન્ટયુઝન (મુંઢમાર)ની ઈજા હતી. ઈજા નં. ૨ ડાબા પગના ઘું ટણે છોલાયેલો ઘા હતો.ઈજા નં. ૩ બંન્ને પગના ઘુટણથી નીચેના ભાગે મુઢમારની ઈજા હતી, ઈજા નં. ૪ છાતીના પાછળના ભાગે એક મુંઢમારની ઈજા હતી.આ ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી ઈજા હતી અને બે થી ત્રણ અઠવાડીયામાં સાજી થઈ શકે તેવી હતી.દર્દીએ પોતાની સારવાર દરમીયાન જે હીસ્ટ્રીમાં લાકડી તથા પાઈપ જણાવેલ તેવા હથિયારથી દર્દીને થયેલ ઈજા સંભવી શકે.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,સર્ટીફીકેટમાં કયા આરોપીએ કઈ જગ્યાએ ઈજાઓ કરેલી તે જણાવેલ નથી.બનાવ કઈ જગ્યાએ

અને કયા સ્થળે બનેલો તે સર્ટીફીકેટમાં જણાવેલ નથી. દર્દીને થયેલ ઈજાઓ મો.સા.ઉપરથી અકસ્માત થાય તો થઈ શકે તેવા પ્રકારની હતી.

(૧૫)વધુમાં છેલ્લે ફરીયાદપક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર રાજદીપસિંહ કિરીટસિંહ ગોહીલને આંક–૩૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેઓએ પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૨૬/૦૨/૨૦૨૧ ના રોજ ગઢડા ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી વિપુલભાઈ કરમશી સોલંકીનાઓએ આરોપી કલ્યાણભાઈ તથા તેઓની પત્ની તથા એક અજાણ્યા ઈસમ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩ વિ. મુજબની ફરીયાદ આપતા સદર ફરીયાદના આધારે પી.એસ.ઓ. ધ્વારા ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોંપતા સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા લાગતા ગળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તેમજ આરોપીઓ હાજર થતા પંચનામાની વિગતે અટક કરેલ. આરોપીઓ ગુનામાં વાપરેલ હથિયાર લોખંડનો પાઈપ રજુ કરતા હોય પંચનામાની વિગતે કબજે કરેલ બાદ ઈજા પામનાર નું સારવાર સર્ટીફીકેટ મેળવેલ અને બનાવ સમયે હથીયારબંધીનું જાહેરનામું મેળવેલ અને આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

સદરહું સાહેદની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે,તપાસ સોપવાનો હુકમ આ કામે રજુ કરેલ નથી,ફરીયાદી પાસે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં બીજા મકાનો આવેલા છે. ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી.સાહેદ વિજયભાઈ ફરીયાદીના સગા થાય છે તથા મહેશભાઈ પિતરાઈ ભાઈ થાય છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. જાહેરનામુ પ્રસિધ્ધ થયેલ હોવાનો કોઈ રિપોર્ટ આ કામે રજુ કરેલ નથી.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન:**

(૧૬)આમ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ વંચાણે લેતા આ કામના ફરીયાદી બનાવ વખતે તા.૨૬/૦૨/૨૧ ના રોજ આરોપીના ઘર પાસેથી નિકળતા તેઓને બુમ પાડીને રોકાવેલ અને આરોપીનં.૧ કલ્યાણભાઈ હોકી તથા તેઓના પત્ની જે આ કામના આરોપીનં.૨ છે તેઓ દવારા લોખંડનો પાઈપ લઈને આવેલ જેમાં આરોપીનં.૧ કલ્યાણભાઈએ ફરીયાદીને હોકીથી વાસાના ભાગે બે તથા ડાબા પગે નળા ઉપર એક ધા મારેલ હતો અને આરોપીનં.૨ દવારા વાસાના ભાગે લોખંડનો પાઈપ મારેલ તેમજ એક અજાણ્યાં માણસે ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે, હવે ફરીયાદ અનુંસંધાને આ કામના ફરીયાદી દવારા કોર્ટમાં આપેલ જુબાનીમાં આપેલ પુરાવો

જોતા ફરીયાદી દવારા બનાવ તા.૨૬/૨/૨૧ના રોજ સાંજના પાંચેક વાગ્યે બનેલો.બનાવના દિવસ મો.સા.લઈને ઉગામેડી ગામે મારા કારખાનાના કામના પૈસા લેવા જતા હતા ત્યારે અડતાળા ગામે આરોપી નં. ૧નાએ તેમના ઘર પાસે ઉભો રાખેલ અને હોકીનો ઘા ડાબા પગે મારેલો અને આરોપીનં.૨ નાએલોખંડની પાઈપના બે ઘા મને પીઠ પાછળ મારેલા અને પાછળથી ગરદન પકડી દીધેલી આરોપી નં.૧ એ મને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ગાળો આપેલ અને તેઓને બાઈક ઉપરથી પાડતા મોઢાના આગળ ના દાંત હોઠ ઉપર અથડાતા લોહી નીકળેલ.આ બનાવ વખતે એક અજાણી વ્યકિત હતી જેને ફરીયાદી ઓળખતા ના હતા તેઓએ પણ ઢીકાપાટુનો માર મારેલ હોવાનો પુરાવો આપેલ છે,વધુમાં બનાવ વખતે હાજર હોય તેવા કોઈ બનાવના નજરે જોનાર સાહેદ ના હોય અન્ય સાહેદ દવારા બનાવ નજરે જોયેલ હોવાનો પુરાવો આપેલ નથી પરંતું ફરીયાદીને દવાખાને લઈ જવામાં આવેલ હતા તે સમયે તેઓની ખબર કાઢવા ગયેલ સાહેદ વિજયભાઈ પરબતભાઈ સોલંકી દવારા ફરીયાદીને ગઢડા સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હોય તેની ખબર કાઢવા ગયેલ અને ફરીયાદીની સાથે ગઢડા પો.સ્ટે.ફરીયાદ કરવા ગયેલ અને ત્યાં ફરીયાદી એ બનાવની ફરીયાદ આપેલ હોવાનો પુરાવો આપેલ છે જયારે સાહેદ મહેશભાઈ કરમશીભાઈ સોલંકી દવારા ફરીયાદીને ગઢડા સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હોય તેની ખબર કાઢ વા ગયેલા અને ફરીયાદીને વાહાના ભાગે તથા પગના ભાગે મારેલુ હોવાનો પુરાવો આપેલ છે,આમ આ બંન્ને સાહેદો બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી બનાવ બનાવ અંગે કે આ કામના આરોપીએ માર મારવા અંગે તેઓનો પુરાવો ગ્રાહય રાખી શકાય નહી પરંતું તેઓ ફરીયાદી સાથે ફરીયાદ આપવા ગયેલ હોય તેમજ બીજા સોહદ દવારા ખબર કાઢવા ગયેલ ત્યારે ફરીયાદીને થયેલ ઈજાઓ જોયેલ હોવા અંગે તેઓનો પુરાવો ધ્યાને લઈ શકાય તેમ છે અને આ કામના બનાવના નજરે જોનાર બીજા કોઈ સાહેદ ના હોય ફરીયાદીની ફરીયાદ તથા કોર્ટમાં આપેલ સમર્થનકારી મૌખીક પુરાવો ધ્યાનમાં લેતા આ કામના આરોપીનં.૧ દવારા ફરીયાદીને હોકીનો ઘા ડાબા પગે મારેલ અને આરોપીનં.૨ નાએલોખંડની પાઈપના બે ઘા પીઠ પાછળ મારેલ અને અજાણ્યાં ઈસમ દવારા ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૭)ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના ઈજા અંગેના પુરાવા અનુસંધાને આ કામે ફરીયાદીની ગઢડા ખાતે પ્રથમ સારવાર ડોકટર મયુર વળીયા દવારા આપવામાં આવેલ પુરાવો જોતા તેઓ દવારા બનાવ તા.૨૬/૦૨/૨૧ ના રોજ તેઓની ફરજ ઉપર હાજર હતા તે સમયે આ કામના ફરીયાદી વિપુલભાઈ તેઓની પાસે સારવારમાં આવેલ અને તેઓને આરોપી કલ્યાણભાઈ,તેમના પત્ની તથા બે પાડોશીઓએ લોખંડની પાઈપ અને હોકીથી ઈજા કરેલ હોવાની હીસ્ટ્રી આપેલ,તેઓને તપાસતા

ફરીયાદીને બંન્ને ખભા ઉપર મુઢમારની ઈજા,ડાબા પગના ઘુંટણે છોલાયેલો ઘા,બંન્ને પગના ઘુંટણ થી નીચેના ભાગે મુંઢમારની ઈજા,તથા છાતીના પાછડના ભાગે એક મુંઢમારની ઈજા હોવાનો પુરાવો આપેલ છે,આમ ફરીયાદી દવારા જણાવામાં આવેલ જગ્યાએ તેઓને થયેલ ઈજા બાબતે તેઓની સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં પણ સમર્થન મળે છે,આ કામે આરોપી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,ડોકટરને આરોપીના નામો તેમજ માર મારેલાની વિગત તથા કયા હથીયારથી મારેલ તે જણાવેલ નથી,ડોકટરને ચાર આરોપીઓ હોવાનું જણાવેલ છે જયારે આ કામે ત્રણ આરોપી સામે ચાર્જશીટ થયેલ છે તેવા સંજોગોમાં આ કામના આરોપી દવારા ફરીયાદીને હોકી તથા લોખંડના પાઈપથી ઈજા કરેલ હોવાની હકીકત શંકાસ્પદ બનાવે છે,આ દલીલ બાબતે પુરાવો જોતા ડોકટર ને કોણે કઈ જગ્યાએ કયાં હથીયારથી માર મારેલ તે નહી જણાવાની એકમાત્ર હકીકતને આધારે ઈજા પામનાર તેઓની પાસે સારવારમાં નહી આવેલાનું કે ફરીયાદીને તેઓના પ્રમાણપત્રમાં જણાવેલ ઈજા નહી થયેલાનું માની શકાય નહી કારણ કે,આવી હકીકતો સામાન્ય સંજોગોમાં ડોકટર દવારા પુછવામાં આવતા પ્રશ્નોના જવાબમાં જણાવામાં આવે છે અને આવી હકીકત જણાવેલ હોવા છતા ડોકટર દવારા લખવામાં આવેલ છે કે કેમ તે ઈજા પામનારની જાણમાં હોઈ શકે નહી અને ઈજા પામનારને આ હકીકત મહત્વની હોય તેઓએ લખાવવી જોઈએ નહી તો તેઓના કેસને અસર થઈ શકે તેમ જાણમાં હોવાનું પણ વધું પડતુ ગણાય અને જો ડોકટર દવારા કયા આરોપીએ કયા હથીયારથી માર મારેલ તે પુછવામાં કે પ્રમાણપત્રમાં લખવામાં ના આવે કે ઈજા પામનાર દવારા આવી કોઈ હકીકત જણાવામાં ના આવે અથવા તો ઈજા પામનાર દવારા લખાવામાં આવે પણ ડોકટર દવારા લખવામાં ના આવે કે ખોટી લખવામાં આવે તો આ એકમાત્ર હકીકત ને આધારે ફરીયાદી,ઈજા પામનારની જુબાની શંકાસ્પદ માનવાનું કારણ ગણી શકાય નહી.આ બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ના **૨૦૦૯(૧)જી.એલ.આર. ૩૭૫ હસમુખ નાનજી રબારી વિ.સ્ટેટ** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,ડોકટર ને કયાં હુમલાખોરે ફરીયાદી/સાહેદને ઈજા પહોંચાડેલ છે તેવી હકીકત જણાવેલ ન હોય તો એટલા માત્ર કારણસર ફરીયાદીની જુબાનીને ફગાવી દેવાય નહીં કારણ કે ડોકટરશ્રીએ પોલીસની જેમ ખુબ ઝીણવટભરી પુછપરછ કરવાની નથી હોતી કે તે મુજબની નોંધ કરવાની હોતી નથી પરંતું તેમણે ઈજા પામનારની ઈજાઓ બાબતે જે પ્રાથમિક હકીકતો મેળવીને તેની નોંધ કરવાની હોય છે.આ બાબતથી ફરીયાદીના પુરાવા કે ફરીયાદપક્ષના કેસમાં મોટી અસર થઈ શકે તેમ નથી કારણ કે,ડોકટર સાહેદ હકીકતના સાહેદ હોતા નથી તેઓ માત્ર નિષ્ણાંત તરીકે અભિપ્રાય આપે છે તેઓ હકીકતનો કે બનાવનો પુરાવો આપતા નથી તેવા સં જોગોમાં જયારે ઈજા પામનાર તથા ડોકટરની જુબાનીમાં અસંગતતા જણાય તેવા સંજોગોમાં ઈજા

પામનારની જુબાનીને વધારે મહત્વ આપવું જરૂરી છે,આ બાબતે કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે,જયારે નજરે જોનાર સાહેદ તથા તબીબી સાહેદની જુબાની વચ્ચે વિસંગતતા હોય ત્યારે સામાન્ય પણે નજરે જોનાર સાહેદની જુબાની માનવાની રહે છે સિવાય કે નજરે જોનાર સાહેદની જુબાની તબીબી સાહેદની જુબાનીથી સંપુર્ણ રીતે માનવા લાયક જણાતી ન હોય.આ મુદા બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **ભજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા** જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો. પાન નં. ૨૫૫૨ ના ચૂકાદાના પેરા–૨૩ માં એમ ઠરાવેલ છે કે,

> "Thus, the position of law is such a case of contradiction between medical and ocular evidence can be crystallised to the effect that though the ocular testimony of witness has greater evidentiary value visa-vis medical evidence, when medical evidence makes the ocular testimony improbable, that becomes a relevant factor in the process of the evaluation of evidence. However, where the medical evidence goes so far that it completely rules out possibility of the ocular evidence being true, the ocular evidence may be disbelieved."

આમ ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા સાથે હાલના કેસની હકીકતો જોતા આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં આરોપીનં.૧ કલ્યાણભાઈએ ફરીયાદીને હોકીથી વાસાના ભાગે બે તથા ડાબા પગે નળા ઉપર એક ઘા મારેલ હતો અને આરોપીનં.૨ દવારા વાસાના ભાગે લોખંડનો પાઈપ મારેલ તેમજ એક અજાણ્યાં માણસે ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ ફરીયાદી દવારા તેઓની જુબાનીમાં આરોપી નં. ૧નાએ તેમના ઘર પાસે ઉભો રાખેલ અને હોકીનો ઘા ડાબા પગે મારેલો અને આરોપીનં.૨ નાએલોખંડની પાઈપના બે ઘા મને પીઠ પાછળ મારેલા,આરોપી નં.૧ એ મને જાનથી મારી નાખવાની ધમકી આપેલી,એક અજાણી વ્યકિત હતી જેને ફરીયાદી ઓળખતા ના હતા તેઓએ પણ ઢીકાપાટુનો માર મારેલ હોવાનો પુરાવો આપેલ છે,વધુમાં ફરીયાદીની સારવાર કરનાર ડોકટરને પણ હીસ્ટ્રીમાં આરોપી કલ્યાણભાઈ તથા તેઓના પત્ની અને બીજા બે પાડોશી દવારા માર મારેલાનું જણાવેલ છે જો કે આ બે પાડોશી સામે કોણ હતા તે પુરવા દરમ્યમન રેકર્ડ ઉપર આવેલ નથી પરંતું આ હકીકતને આધારે ફરીયાદી દવારા આરોપી કલ્યાણભાઈ તથા તેઓની પત્ની સામે આપેલ પુરાવો નજરઅંદાજ કરી શકાય નહી,વધુમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઈજાનું પ્રમાણપત્ર જોતા પણ ફરીયાદીને તેઓના જણાવ્યા મુજબની જગ્યાએ તેઓએ જણાવેલ હથીયારોથી થઈ શકે તેવી ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે અને આ કામના તપાસ કરનાર અમલદાર દવારા પણ ફરીયાદીના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે અને તેઓ દવારા આ કામે મુદામાલ આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ છે અને મેડીકલ પ્ર

માણપત્ર પણ મેળવવામાં આવેલ છે જે બાબતો અંગે તેઓએ પુરાવો આપેલ છે જે સંજોગોમાં ફરીયાદીને થયેલ ઈજા આવા હોકી તથા લોખંડના પાઈપ જેવા હથીયારોથી થયેલ હોવાની હકીકત ને મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળે છે અને આરોપી તરફે એવી કોઈ દલીલ નથી કે ડોકટરને ફરીયાદી સાથે સારા સબંધ છે અથવા તો આરોપી સાથે ખરાબ સંબધ છે કે જેથી તેઓને આવું ખોટું પ્રમાણપત્ર આપવાનું કારણ હોઈ શકે ,વધુમાં આ કામના આરોપી તરફે જે ડોકટર દવારા ફરીયાદીને થયેલ ઈજા મો.સા.ઉપરથી પડી જાય તેવી હોવાનો સ્વીકાર કરેલ છે પરંતું આ કામના ફરીયાદી દવારા તેઓને થયેલ ઈજા આરોપી દવારા કરવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે જે સંજોગોમાં ફરીયાદી ની ઈજાને મેડીકલ પુરાવાથી પણ સમર્થન મળે છે જે સંજોગોમાં આરોપીઓ તરફેની ફરીયાદી દવારા સારવાર કરનાર ડોકટરને ચાર આરોપી દવારા માર મારવામાં આવેલ હોવાની હકીકત જણાવાથી તેમજ ફરીયાદીને થયેલ ઈજાઓ મો.સા.પરથી પડી જવાથી થઈ શકે તેમ હોવાનો સ્વીકાર કરેલ હોય આવી ઈજા ફરીયાદી ને મો.સા.ઉપરથી પડી જવાથી થયેલ હોય ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બનાવે છે તેવી આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૮)વધુમાં આ કામે આરોપી તરફે રજુઆત કરવામાં આવેલી છે કે,આ કામે માત્ર બનાવના નજરે જોનાર સાહેદ એકમાત્ર ફરીયાદી છે અને બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતા આવી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતા સ્થળે હાજર એવા કોઈ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ દવારા સમર્થનકારી જુબાની આપેલ નથી તેમજ આ કામના પંચસાહેદો ફરી ગયેલ સાહેદો જાહરે થયેલ છે અને જે સાહેદો ને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદીના સગાઓ છે જેથી તેઓ હીત ધરાવનાર સાહેદ ગણાય તેથી તેઓની જુબાની વિસ્વનીય માની શકાય નહી,આ અંગે જોતા દરેક કેસમાં અમુક સં ખ્યામાં સાહેદો તપાસવા જોઈએ કે અમુક સાહેદોને તપાસવા જ જોઈએ કે હાજર એવા તમામ સાહેદો ને તપાસવા જોઈએ એવો કોઈ કાયદાનો નિયમ નથી,તેમજ ફરીયાદપક્ષે દરેક કેસમાં સ્વતંત્ર સાહેદો દવારા પોતાને કેસ સાબીત કરવો તેવો પણ કાયદાનો કોઈ નિયમ નથી અદાલતને ફકત સાહેદોના પુરાવાની ગુણવતા સાથે સબંધ હોય છે,સાહેદોની સંખ્યા સાથે નહી,અને આ કામે ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ સમયે આ કામના ફરીયાદી હાજર હોય તેઓને માર મારવામાં આવેલ હોય તે મુજબનો વિસ્વનીય પુરાવો આપેલ હોય તેને નકારી શકાય નહી કે તેને શં કાસ્પદ ગણી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવી શકાય નહી.વધુમાં અદાલતે જે પુરાવો રેકર્ડ આવેલ છે તેનું મુલ્યાકંન કરી નિર્ણય કરવાનો હોય છે નહી કે જે પુરાવો રજુ થયેલ નથી તેનું અનુંમાન કરીને,તેવીજ રીતે આ કામે જે સાહેદો ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ છે તે એકબીજાના સંબં

ધી,ઓળખીતા છે અને કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી કે પુરાવો રજુ થયેલ નથી કે પંચસાહેદોએ સમર્થનકારી જુબાની આપેલ નથી તેટલા કારણ માત્રથી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરી શકાય નહિ આ અંગે ના.સર્વોચ્ચઅદાલતે **સ્ટેટ ઓફ યુ.પી.વિરૂધ્ધ અનિલસિંહ** એ.આઈ.આર. ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ પેજ નં. ૧૯૯૮ માં એવું ઠરાવેલ છે કે,

> "The public are generally reluctant to come forward to depose before the court. It is, therefore, not correct to reject the prosecution version only on the ground that all witnesses to the occurrence have not been examined. Nor it is proper to reject the case for want of corroboration by independent witnesses if the case made out is otherwise true and acceptable"**.**

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આ કામના આરોપીઓ તરફેની દલીલ માની શકાય તેમ નથી. વધુમાં સામાન્ય સંજોગોમાં ફરીયાદી તથા સાહેદની જુબાની સંપુર્ણ રીતે ન માનવાને કોઈ કારણ હોતુ નથી સિવાય કે,કેસના સંજોગો એવા હોય જેથી આ અદાલત આરોપીઓની ખોટી સંડોવણી બાબતે સંમત થાય અથવા તો,સાહેદની જુબાની રેકર્ડ પરના પુરાવાઓ પરથી ન માનવાને કારણ હોય અને નામદાર સુપ્રિમકોર્ટ દવારા ઈજા પામનાર સાહેદની જુબાની બાબતે **ભજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા** જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો.પાન નં.૨૫૫૨ ના ચૂકાદાના પેરા–૨૧ માં એમ ઠરાવેલ છે કે,

> "The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted.His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else.The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence.Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone.Convincing evidence is required to discredit an injured witness.Thus the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of **major contradiction** and discrepancies therein."

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આ કામે ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં જણાવેલ હકીકતોનો સમર્થનકારી પુરાવો તેઓની જુબાનીમાં આપેલ છે તથા ઈજા પામનાર ફરીયાદીને થયેલ ઈજા અંગે

સમર્થનકારી પુરાવો પણ મેડીકલ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે તેમજ આ કામે આ સીવાય બચાવપક્ષ ધ્વારા આવી કોઈ હકીકત કે મેજર વિરોધાભાસ કે વિસંગતતા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેથી એવી કોઈ શંકા ઉપજે કે ફરીયાદીએ આરોપીને ખોટીરીતે સંડોવી દીધેલ હોય અથવા ઈજા પામનાર થયેલ ઈજા તેઓએ આરોપીઓને ખોટી રીતે સંડોવી દેવા પોતાની જાતે કરેલ હોય કે તેઓને આવી ઈજા બીજી કોઈ રીતે થયેલ હોય,તે સંજોગોમાં આરોપીઓ તરફેની આ દલીલ પણ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

(૧૯)વધુમાં આરોપી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી ની ફરીયાદમાં અજાણ્યા ઈસમે માર મારેલાનું જણાવેલ છે જે અજાણ્યા વ્યકતીને આરોપીનં.૩ તરીકે ચાર્જશીટમાં દર્શાવામાં આવેલ છે પરંતું આ આરોપીનું નામ કેવી રીતે જાણમાં આવેલ તે લગત કોઈ પુરાવો રજુ થયેલ નથી ફરીયાદી દવારા પણ આરોપીનં.૩ દવારા ઢીકાપાટુનો માર મારેલાનો પુરાવો આપેલ નથી અને તેઓ દવારા આ અજાણ્યા વ્યકતીને ઓળખી ના શકે તેવો પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી તથા આરોપી વચ્ચે અગાઉની તકરાર હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે,આ સં જોગોમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય છે જેનો લાભ આરોપીઓને આપવો જોઈએ, આ દલીલ બાબતે રજુ થયેલ પુરાવો જોતા આ કામના ફરીયાદી દવારા ફરીયાદમાં આરોપીનં.૧ કલ્યાણભાઈ તથા આરોપીનં.૨ તેઓના પત્ની તથા એક અજાણ્યા ઈસમે માર મારેલાનું જણાવેલ છે જો કે ફરીયાદી દવારા આ ત્રીજા આરોપીનું નામ તેઓની જુબાનીમાં કે સારવાર કરનાર ડોકટર ને પણ જણાવેલ નથી તેમ છતા આ કામે ત.ક.અમલદાર દવારા ત્રીજા આરોપી તરીકે દેવરાજભાઈ વિઠલભાઈ સામે ચાર્જશીટ કરેલ છે તેમજ આ ત.ક.અમલદાર દવારા તેઓની જુબાનીમાં પણ આ ત્રીજા આરોપીનું નામ કેવી રીતે જાણમાં આવેલ તે લગત પુરાવો આપેલ નથી તેમજ આ કામે અજાણ્યા ઈસમની ઓળખ કરવા માટે કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી,વધુમાં આરોપી નં.૩ દવારા ઢીકાપાટુનો માર મારેલાનો પુરાવો ફરીયાદીએ આપેલ છે જો કે જુબાનીમાં આ આરોપી નં .૩ ઓળખતા ના હોવાનું જણાવેલ હોય તેમજ આરોપીનં.૩ નાઓ જ ફરીયાદી દવારા ફરીયાદમાં જણાવેલ અજાણ્યા વ્યકતી હોય તેવો પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ના હોય આ કામના આરોપીનં.૩ ની સામે ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનતો હોવાની આરોપી તરફેની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાય છે,પરંતું આરોપી નં.૩ ની સામે પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય તેના આધારે આરોપીનં.૧ તથા ૨ ની સામેનો કેસ પણ શંકાસ્પદ બનતો હોવાની દલીલ ગ્રાહાય રખવાપાત્ર જણાતી નથી કારણ કે,આરોપીનં.૧ દવારા હોકીથી તથા આરોપીનં.૨ દવારા લોખંડના પાઈપથી માર મારીને ઈજાઓ કરેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ આ ઈજાઓ બાબતે સમર્થનકારી

મેડકીલ પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ છે.વધુમાં ફરીયાદી,સાહેદ તથા આરોપી વચ્ચે અગાઉની તકરાર હોવાનું ફરીયાદી દવારા જણાવેલ છે જેવી રીતે પક્ષકારો વચ્ચેની તકરાર ખોટી ફરીયાદ આપવાનું કારણ હોઈ શકે તેવી જ રીતે ફરીયાદ મુજબનો સાચો બનાવ બનવા માટેનું કારણ પણ હોઈ શકે તે સંજોગોમાં માત્ર તકરાર હોવાથી બનાવ ના બનેલ હોવાનું અને ફરીયાદ ખોટી હોવાનું અનુંમાન કરી શકાય નહી આ હકકીતને બીજી તમામ બાબતો સાથે મુલવવાની હોય છે અને આ કેસમાં આવા બીજા કોઈ વિરોધાભાસ કે અસંગતાઓ રેકર્ડ પર આવેલ નથી કે જેના કારણે ફરીયાદીએ તકરાર હોવાના કારણે ખોટી ફરીયાદ આપેલ હોવાનું માની શકાય તેવા સંજોગોમાં આરોપી તરફેના વકીલશ્રીની ઉપરોકત દલીલ માની શકાય તેમ નથી.વધુમાં ફરીયાદી એ સોગંધ ઉપર બનાવ તથા તેઓને થયેલ ઈજા અંગે સમથૅનકારી પુરાવો આપેલ હોય તેમજ ઈજા પામનારની હકીકતને સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં સમર્થન મળતુ હોય અને વિરૂધ્ધની કોઈ વિસ્વાસલાયક હકીકત રેકર્ડ પર આવેલ ના હોય તેમજ જે પણ વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે તેનાથી હાલનો ગુન્હાનો બનાવ ન બનેલો હોય કે આરોપી બનાવસ્થળે ન હોય કે,ફરીયાદી કે સાહેદને ઈજા ન કરેલ હોય તેવુ ફલીત થતુ ના હોય એકમાત્ર આવા માયનોર વિરોધાભાસ કે જેને આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉદભવતી ના હોય તેને આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉપજાવી આરોપી આ ગુન્હામાં સંડોવાયેલ ન હોવાનું માની શકાય નહી,આ અંગે જોઈયે તો ના.સવોચ્ચ અદાલતે **સ્ટેટ વિરૂધ્ધ સરવાનન** જે એ.આઈ.આર. ૨૦૦૯ સુ.કો. પાન નં. ૧૫૨ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

> "While appreciating the evidence of a witness,minor discrepancies on trivial matters without affecting the core of the prosecution case,ought not to prompt the Court to reject evidence in its entirety.Difference in some minor detail, which does not otherwise affect the core of the prosecution case,even if present,that itself would not prompt the Court to reject the evidence on minor variations and discrepancies."

આમ જયારે ફરીયાદી,સાહેદનાઓએ સોગંધ ઉપર વિસ્વાસલાયક પુરાવો આપેલ હોય અને તેઓની હકીકતને સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં સમથૅન મળતું હોય અને વિરૂધ્ધની કોઈ વિશ્વાસલાયક હકીકત રેકર્ડ પર આવેલ ના હોય એકમાત્ર માયનોર વિરોધાભાસ જેમ કે,પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય,ત.ક.અમલદાર દવારા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી,તેમજ ફરીયાદી દવારા ફરીયાદમાં હથીયાર હોકી જણાવેલ હોવા છતા ત.ક.અમલદાર દવારા લાકડી કબજે કરેલ હોવાની ઈરાદપુર્વકની બેદરકારી અથવા તો કસુરના કારણોસર તેમજ

ફરીયાદપક્ષ દવારા આરોપીનં.૩ ની હાજરી કે ઓળખ પુરવાર કરી શકેલ ના હોય તેના આધારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉપજાવી આરોપીઓ સામે નો કેસ પુરવાર ના થયેલાનું માની શકાય નહી.વધુમાં આ કામના આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૨૩,મુજબના ગુન્હાનો આરોપ છે જેમાં આરોપીનં.૧ ની સામે હોકીથી ફરીયાદીને હોકીથી મારેલ હોવાનો તેમજ આરોપીનં.૨ દવારા ફરીયાદીને લોખંડના પાઈપથી વાસામાં મારેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે,આ બાબતે ફરીયાદી દવારા તેઓને આરોપીનં.૧ દવારા તેઓને હોકીનો ઘા ડાબા પગે મારેલો અને આરોપીનં.૨ નાએ લોખંડની પાઈપના બે ઘા મને પીઠ પાછળ મારેલ હોવાનો પુરાવો આપેલ છે,તેમજ તેઓની સારવાર કરનાર ડોકટરની જુબાની તથા રજુ થયેલ ઈજાનું પ્રમાણપત્ર જોતા ફરીયાદીના જણાવેલ મુજબની ઈજાઓ તેઓને થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તેવા સંજોગોમાં ફરીયાદી ને થયેલ આવી ઈજાઓ સ્વેરછા પુવર્કની સાદી વ્યથાની ઈજાઓ હોવાનું તથા આવી ઈજાઓ આ કામના આરોપીનં.૧ તથા ૨ દવારા કરવામાં આવેલ હોય ફરીયાદપક્ષ આરોપીનં.૧ તથા ૨ ની સામે ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબનો ગુન્હો નિશંકપણે પુરવાર થાય છે,જયારે આ કામના આરોપી નં .૩ ની સામે સ્પસ્ટ અને વિસ્વનીય પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય તેઓની સામે ફરીયાદપક્ષ આક્ષેપીત ગુન્હો નિશંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૦)વધુમાં આ કામના આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૫૦૪,મુજબના ગુન્હાનો આરોપ છે જેથી ઈ.પી.કોડની કલમ–૫૦૪,મુજબના ગુન્હામાં દોષીત ઠરાવવા માટે આરોપીઓએ ફરીયાદી ને બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે અને આવા શબ્દો જે વ્યકિતને ઉદેશીને બોલવામાં આવેલ હોય તે વ્યકિત જાહેર શાંતિ નો ભંગ કરવા પ્રેરાયેલ હોવી જોઈએ કે તેમ કરવા સંભવ હોવો જોઈએ,આ કામે ફરીયાદીએ આપેલ ફરીયાદમાં આરોપી એ તેઓને ગાળો આપેલાની હકીકત જણાવેલી છે અને તેઓની સરતપાસની જુબાનીમાં તેઓએ આરોપીએ ગાળો આપેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતું ફરીયાદી અથવા તો બીજા કોઈ સાહેદોની સરતપાસની જુબાનીમાં પણ ગાળોમાં શું શબ્દો બોલેલ તે રેકર્ડ પર આવેલ નથી અને આવા શબ્દો તેઓની ફરીયાદમાં પણ જણાવેલ નથી તેથી આવા કોઈ શબ્દો રેકર્ડ પર આવેલ નથી જેથી બોલવામાં આવેલ શબ્દો વિભત્સ હતા કે કેમ અને આ શબ્દોથી ફરીયાદી ઉશ્કેરાઈ જાય તેમ હતા કે કેમ તે પણ નકકી થઈ શકે તેમ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો પુરવાર કરી શકેલાનું પણ માની શકાય તેમ નથી.વધુમાં આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૫૦૬(૨)મુજબના ગુન્હાનો આરોપ છે અને આ કલમ મુજબ જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ

હોવો જોઈએ,આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૭.(૧)જી.એલ.એચ.૩૩૭ **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વી.સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ છે કે,જે વ્યકતીને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકતી આઘાતમાં આવી ગયેલ હોય અને આવા આઘાતથી ભયભીત થઈ રોજ બરોજનું કાર્ય કરવા અસમક્ષ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવવો જોઈએ,આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં આરોપી દવારા તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓની જુબાનીમાં પણ આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો મૌખીક પુરાવો આપેલ છે જો કે ફરીયાદીની ઉલટતપાસમમાં તેઓ ગામે તથા સારા નરસા પ્રસંગે આવ જા કરી શકતા હોવાનો સ્વીકાર કરેલ છે જેથી આવી ધમકી ને કારણે ફરીયાદીને કોઈ અસર થયેલ હોવાનો કે આવી ધમકી ને કારણે તેઓએ કોઈ કુત્ય કરતા અટકેલ હોય કે કોઈ કુત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી તેવા સંજોગોમાં કલમના આવશ્યક તત્વો ધ્યાને લેતા આરોપી દવારા આપવામાં આવેલ ધમકીથી ફરીયાદીને કે સાહેદને કોઈ અસર થયેલ હોવાનું ફલીત થતુ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨)મુજબનો ગુન્હો પુરવાર કરી શકેલાનું પણ માની શકાય તેમ નથી.વધુમાં આ કામના આરોપીઓ સામે બનાવ વખતે હથીયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતા તેઓ દવારા હોકી તથા લોખંડનો પાઈપ જેવા હથીયારો ધારણ કરેલ હોય તેઓની સામે જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે તે અંગે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે આ કામના આરોપીનં.૧ પાસે હોકી તથા આરોપીનં.૨ પાસે લોખંડનો પાઈપ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તેમજ બનાવ સમયે સદર જાહેરનામું અમલમાં હતુ તે બાબતે જીલ્લા મેજી.કચેરીના કલાર્કને તપાસેલ છે જેઓ દવારા જાહેરનામું રજુ કરેલ છે પરંતું આ કામના ત.ક.અમલદારે રજુ થયેલ જાહેરનામું નીયમ મુજબ પ્રસીધ્ધ કરવામાં આવેલ હતું કે કેમ તે બાબતે કોઈ પુરાવો આપેલ નથી તેવીજ રીતે જીલ્લા મેજી.કચેરીના કલાર્ક દવારા પણ જાહેરનામાની પ્રસિધ્ધી બાબતે કોઈ માહીતી ના હોવાનો પુરાવો આપેલ છે જે હકીકત તથા રજુ થયેલ જાહેરનામું ધ્યાને લેતા બનાવ સમયે જીલ્લા મેજી.નું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાનું ફલીત થાય છે પરંતું પ્રસિધ્ધી અંગેના સ્પસ્ટ પુરાવાના અભાવે સદર જાહેરનામું નિયમોનુસાર પ્રસિધ્ધ થયેલ હોવાનું માની શકાય તેમ ના હોય ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાનું જાણવા છતા આરોપી એ બનાવ સમયે હોકી તથા લોખંડનો પાઈપ ધારણ કરીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ ના હોય શંકાનો લાભ આપવાનું ન્યાયોચીત જણાય છે.

(૨૧)આમ ઉપરોકત તમામ કારણોસર ફરીયાદપક્ષ આ કામના આરોપીનં.૧ તથા ૨ દવારા આ કામના ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલીને,જાનથી મારી નાખવાની ધમકી આપીને ઈ.પી.કોડની કલમ–૫૦૪,૫૦૬ મુજબનો તથા બનાવ વખતે હથીયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતા હોકી તથા લોખંડનો પાઈપ જેવા હથીયારો ધારણ કરીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ આ કામના આરોપીનં.૩ દેવરાજભાઈ વિઠૃલભાઈ અવૈયા સામે પણ સ્પસ્ટ પુરાવાના અભાવે આક્ષેપીત ગુન્હો પુરવાર કરી શકેલ નથી પરંતું આ કામના આરોપી દવારા એકબીજાની મદદગારી કરી આરોપીનં.૧ કલ્યાણભાઈ દવારા ફરીયાદી ને હોકીથી માર મારી સાદી વ્યથાની ઈજા તથા આરોપીનં.૨ મંજુલાબેન દવારા પણ લોખંડના પાઈપથી માર મારી સ્વેરછાપુર્વકની સાદી વ્યથાની ઈજા કરી ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબનો ગુન્હો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ હોય મુદાનં.૧ નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

**નિષ્કર્ષ:**

(૨૨)મુદ્દા નંબર ૨ ::–

ઉપરોકત મુદાનં.૧ ના કારણો તથા નિર્ણયો જોતા આ કામના આરોપીનં.૧ તથા ૨ ની સામે ઈ.પી.કોડની કલમ–૩૨૩,૧૧૪ પૈકીના ગુન્હા નિશંકપણે પુરવાર થયેલ હોય ઉપરોકત તમામ ચર્ચા કરેલ કારણો ના આધારે મુદા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી:(૧)કલ્યાણભાઈ તળશીભાઈ અવૈયા,(૨)મંજુલાબેન કલ્યાણભાઈ અવૈયા તથા (૩)દેવરાજભાઈ વિઠૃલભાઈ અવૈયાને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૫૦૪,૫૦૬,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ના ગુન્હાના કામે શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી:(૩)દેવરાજભાઈ વિઠૃલભાઈ અવૈયાને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧)અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબના ગુન્હાના કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી:(૧)કલ્યાણભાઈ તળશીભાઈ અવૈયા,(૨)મંજુલાબેન કલ્યાણભાઈ અવૈયા ને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૨)અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩,મુજબના ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીનં.(૩)નાએ સી.આર.પી.સીની કલમ–૪૩૭(એ) મુજબના અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટેના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપીઓનં.(૧),(૨)ને તકસીરવાન ઠરાવેલ હોય હાલનું કામ સજા બાબતે સાંભળવા માટે રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ગઢડા

તારીખ: ૨૯/૦૪/૨૦૨૬

( હિતેશકુમાર અમરભાઈ મકા )

જ્યુડી.મેજી.ફ.ક.ગઢડા

Judge Code No-GJ01459

(૨૩)આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલ હોય સજા અંગે સરકારશ્રી તરફે એપીપીશ્રીને તેમજ આરોપીના વિ.વકીલશ્રી ને સાંભળેલ છે.

---

આ કામના આરોપીને સજા અંગે ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓ સાંભળેલ છે જેઓ દવારા જણાવામાં આવેલ છે કે,આ કામના આરોપીઓ દવારા અગાઉની અદાવતને કારણેહથીયારો ધારણ કરી એકબીજાની મદદગારી કરી આ કામના ફરીયાદીને હથીયારો ધારણ કરી માર મારેલ છે જેમાં ફરીયાદી તથા સાહેદોને ગંભીર ઈજાઓ થયેલ છે જે ગુન્હો ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુન્હો નિશંકપણે પુરવાર કરેલ છે અને આ કામે ફરીયાદીને આરોપીના કૃત્યને કારણે ભોગવવાનો વારો આવેલ છે જેથી આરોપીઓ ને પ્રોબેશનનો લાભ આપવાનો હુકમ કરવો જોઈએ નહી કારણ કે તેનાથી બીજા આરોપીઓને પણ ગુન્હો કરીને આવી રીતે લાભ મેળવવાની વુતીને પ્રોત્સાહન મળે તેમ જણાય છે જેથી આરોપીઓ ને કાયદા મુજબની મહતમ સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપીના વિધ્વાન વકીલશ્રીએ સજા બાબતે દલીલ કરે છે કે,ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ પરની હકીકત તથા ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુન્હો છે,આ કામના આરોપીઓ મોટી ઉમરના અને સ્ત્રી છે,કોઈ વાર અગાઉ સંડોવાયેલ હોય તેવુ ફલીત થતું નથી,ગરીબ તથા સ્ત્રી ઈસમ હોય તેઓની ઉપર કોટુંબીક જવાબદારી હોય,આરોપી એ કોઈ ઈરાદાપુર્વક કુત્ય કરેલ નથી કોઈ ગુન્હો કરેલ નથી જેથી ઓછી સજા કરવા તેમજ આરોપીઓ ને સુધરવાની તક આપવી જોઈએ જેથી આરોપીઓને પ્રોબેશન એકટ હેઠળ પ્રોબેશનનો લાભ આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના બંન્ને પક્ષોની દલીલો ધ્યાને લેતાં આ કામના આરોપીઓ આ અગાઉ ગુન્હામાં સંડોવાયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી,વધુમાં શિક્ષાની જે વિવિધ વિચારસરણીઓ છે જેમાની એક વિચારસરણી સુધારાતમક વિચારસરણી છે જેનો મુખ્ય હેતું એવો છે કે,ગુન્હેગારો જન્મથી ગુન્હેગારો હોતા નથી પરંતું ખાસ સંજોગો વ્યકતીને ગુન્હો કરવા માટે પ્રેરીત કરે છે અને સંજોગો ઘણીવાર એવા હોય છે કે,સામાન્ય વ્યકિત તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતી નથી અને ગુનો કરી બેસે છે જો કે તેવી વ્યકિતનો હકીકતમાં કોઈ ગુન્હો કરવાનો ઈરાદો કે હેતુ હોતો નથી પરંતું હાલના કેસની હકીકત જોતા આરોપીએ કોઈ આકસ્મીક સંજોગોમાં ઉશ્કેરાટમાં ગુનો કરેલાનુ જણાતુ નથી અને આરોપીઓ દવારા હથીયારો ધારણ કરી આ કામના ફરીયાદી ને હથીયારો હોકી તથા લોખડનો પાઈપ ધારણ કરી આવા હથીયારો વડે માર મારી ને સ્વેરછાપુર્વેક સાદીવ્યથાની ઈજા કરેલી છે જેના કારણે ફરીયાદીને શારીરીક,માનસીક તથા આર્થીક

રીતે ભોગવવું પડેલ છે,વધુમાં કોઈ પણ કારણ વગર આરોપીના ફરીયાદીને માર મારવાના આવા ગુન્હામાં જો આરોપીને પ્રોબેશન નો લાભ આપવામાં આવે તો સમાજ માં બીજા આરોપીને પણ આવા ગુન્હા કરવાનું પ્રોત્સાહન મળે અને સમાજમાં કાયદાનું શાસન જળવાય નહી.વધુમાં આરોપીઓ દવારા જે સંજોગોમાં અને જે પ્રકારે ગુન્હો કરવામાં આવેલ છે તે સંજોગો તથા ફરીયાદીની ઈજાનો પ્રકાર તથા હાલના સામાજીક સંજોગો આ તમામ હકીકતો ધ્યાને લેતા માત્ર આરોપી સામેનો આ પ્રથમ ગુન્હો હોય અને આરોપીનં.ર સ્ત્રી હોય તેવા કારણોસર આ કામના આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવાનું ન્યાયોચીત જણાતું નથી.આમ આ કામના આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવા પાત્ર થતો ન હોય તેઓને તેઓની સામેના પુરવાર થયેલા ગુન્હા અંગે સજા કરવાની રહે છે જેથી આરોપી ને તેઓની સામેના પુરવાર થયેલા ગુન્હામાં કેટલી સજા કરવી જોઈએ તે નકકી કરવાનું રહે છે આરોપી સામેના પુરવાર થયેલા ગુન્હામાં જણાવામાં આવેલી પુરી સજા થઈ શકે તેમજ જો કોઈ એવા કારણો હોય તો તેનાથી ઓછી સજા પણ કરી શકાય,આ મુદા બાબતે પ્રથમ તો કાયદાની સ્થીતી જાણવી જરૂરી બની જાય છે અને આરોપીને સજા કરવા બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા **Hazara Singh V/s. Raj Kumar, 2013 (9)SCCPage No. 516** અવલોકન કરેલ છે કે,

> “This Court has observed that it is the duty of the courts to consider all the relevant factors to impose an appropriate sentence. The legislature has bestowed upon the judiciary this enormous discretion in the sentencing policy, which must be exercised with utmost care and caution. The punishment awarded should be directly proportionate to the nature and the magnitude of the offence. The benchmark of proportionate sentencing can assist the Judges in arriving at a fair and impartial verdict. This Court further observedthat the cardinal principle of sentencing policy is that the sentence imposed on an offender should reflect the crime he has committed and it should be proportionate to the gravity of the offence.

આમ ઉપરોકત ચુકાદા સાથે હાલના કેસની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીઓ દવારા કોઈ પણ વ્યાજબી કારણોવગર પોતાનો ગેરકાયદેસર સમાન ઈરાદો પાર પાડવા માટે ફરીયાદીનેહોકી તથા લોખંડના પાઈપથી માર મારીને સ્વેરછા પુર્વક સાદીવ્યથાની ઈજા કરેલી છે જેના કારણે ફરીયાદીને શારીરીક ,માનસીક તકલીફ ભોગવવી પડેલ છે તેમજ આર્થીક રીતે સહન કરવાનો વારો પણ આવેલ છે જેથી આરોપી દવારા આચરવામાં આવેલ ગુન્હાના પ્રમાણમાં તેઓને સજા કરવી અનિવાર્ય બની જાય છે, જેના માટે આરોપી દવારા આચરવામાં આવેલ ગુન્હા સાથે ફરીયાદીને કરવામાં આવેલ ઈજા,ગુનાની ગંભીરતા અને સ્વરૂપ સાથે આરોપીની સામાજીક સ્થીતી તથા ઉંમર

ધ્યાને લેતા ઈ.પી.કોડની કલમ–૩૨૩,મુજબના ગુન્હાઓ હેઠળની મહત્તમ સજા ન કરતાં તેનાથી ઓછી સજા કરવામાં આવે તો ન્યાય નો હેતુ જળવાય તેમ હોય સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી:(૧)કલ્યાણભાઈ તળશીભાઈ અવૈયા,(૨)મંજુલાબેન કલ્યાણભાઈ અવૈયાને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૨)અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેકને ૦૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા દરેક ને રૂા.૫૦૦/–(અંકે રૂપીયા પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ભરવામા કસુર કરે તો વધુ–૦૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીનં.(૧),(૨)નાએ ટ્રાયલ દરમ્યાન જો કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ બિનકિમતી લાકડી તથા લોખંડનો પાઈપનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીનં.(૧),(૨) ના જામીન ખત રદ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપીનં.(૧),(૨)ને સી.આર.પી.સી.ની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: ગઢડા<br>
તારીખ: ૨૯/૦૪/૨૦૨૬

( હિતેશકુમાર અમરભાઈ મકા )<br>
જ્યુડી.મેજી.ફ.ક.ગઢડા<br>
Judge Code No-GJ01459